
ગુરૂ મરજાદા.

દોહરો.

જય વિઘ્નેશ ઉમા તનુ, પ્રથમ કરૂં પરણામ;
ગુરૂ મરજાદા કારણે, ધરૂં તાહરી હામ.



સુરત:
સૈયદપરામાં ચોકી પાસે
છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી રામજી મંદીરના રામાનુજ સાધુ ગંગાદાસજી શ્રી ગુરૂ ખુસાલદાસજી શ્રી નરવાણ મહારાજના શીષ્ય.

કીંમત એક આનો.

સંવત ૧૯૫૨. —— સને ૧૮૯૬.

સુરત "ગુજરાત સ્થાન્ડર્ડ" પ્રેસમાં છાપી.

શ્રી ૧।.

શ્રી રામચંદ્રની કૃપા છે.

સ્તુતિ.

પ્રથમ નમુ ગુરૂદેવને, જેણે આપ્યું મુજ જ્ઞાન;
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટાળીઉં દેહ અભિમાન.
તત્વ સાર ત્રૈલોકમાં, ગુરૂગોવિંદ એક રૂપ;
આદ અંત મધ્ય એક છે, હરી ગુરૂ સંત સ્વરૂપ૦।।

અથ ગુરૂ મહીમા.

હરી ગુરૂ સંત સદાપર સેવું, જેનું નિત નામ નિરંતર લેવું;
ગુરૂ ગોવિંદ થકી છે અધિક, જેની પરમારથ કારણ સીખ. ટેક.
ગોવિંદના સરજ્યા પડયા ૭૭ર જાળ, તેને ગુરૂ આપે મુક્તિ તતકાળ;
એવા ગુરૂ પુરણ પ્રેમ દયાળ, પોતાના જાણી કરે પ્રતિ પાળ ૦।।
ગુરૂનું ગ્રહ્યું વચન સુકદેવ, સંસાર સમુદ્ર તર્યા તતખેવ. ।। ૧ ।।
મળ્યા ગુરૂ નારદને સુખરાસી, તો ટાળી તતક્ષણ નાખ્યા ચોરાસી;
ગુરૂ વિના કોઈ ન પામે પાર, જેના જસ ગાય ઉમા ત્રિપુરાર ।।૨।।
વિરંચી વ્યાસ વદે ગુરૂ ઇષ્ટ, ન જાણે મહિમા પ્રાણી પાપીષ્ટ;
તેને ગુરૂ દ્રોહી કૃતઘ્ની કહીએ, જેણે ગુરૂ જ્ઞાન ધર્યું ન હઇએ. ।।૩।।

ગુરૂને આપ બરાબર જાણે, તેને જમદૂત વૈતરણીમાં તાણે;
ગુરૂને ગાળ કાઢે તે કપુત, તેનું મુખ સુળે ભરે જમદૂત. ॥ ૪ ॥
ગુરૂની સેવામાં ચૂક પડાવે, તેને હરી ચક્રની ધારે ચડાવે.
ગુરૂની નિંદા સુણે નિરધાર, સીસું ગાળી રેડે શ્રવણ મોઝાર. ॥૫॥
ગુરૂને ચરણે ન નમાવે સીસ, તેને શત્રુરૂપે ગણે જગદીસ;
ગુરૂની સેજે જે પગ ધારે, તેને ત્રણલોકમાં કોણ ઉગારે. ॥ ૬ ॥
ગુરૂ મરજાદ ન રાખે કોઈ, તે નર રણમાં રાક્ષસ હોય;
ગુરૂ વિના ચાકટ જેવો સાપ, જેનું મુખ દીઠે ચઢે બહુ પાપ. ॥૭॥
ગુરૂ વિણ નુગરો ફરે જન જે, મુઆ પછી ઢોર અવતરે તેહ;
(એવુ) ગુરૂ ગીતામાં કહે શીવરાય, જેને વેદ શાસ્ત્ર નિરંતર ગાય.
॥ ૮ ॥

ગુરૂ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને રૂદે આત્મતત્વ અનુપ;
છે તત્વમસીમાં અખંડ આનંદ, ત્રીગુણાતીત ટાળે ભવ ફંદ. ॥૯॥
એવા ગુરૂ પ્રેમે કરી જે પુજે, તેનાં ઘટમાંહી ત્રણભુવન સૂજે;
ગુરૂનું પ્રેમે ચર્ણામૃત પીધું, તેણે ત્રણલોકનું તીરથ કીધું. ॥૧૦॥
પામે પ્રસાદ ગુરૂનો પ્રીતે, જાણે તેણે જગન કયરા લક્ષ નીતે
ગુરૂને પ્રેમ સંતોષ પમાડયા, જાણે તેણે ચૌદલોક જમાડયા. ॥૧૧॥
ગુરૂને પરકંમા કરી લાગે પાય, તેને સહુ સાધન સેજે થાય;
એવા ગુરૂ જાણીને આવ્યો શરણ, નિવારો નાથ જનમ ને મરણ.
॥૧૨॥

ધરી ધરી દેહ પામ્યો બહુ દુઃખ, હવે હરી આપો અવીચળ સુખ.
પીડાયો પારવનો મહારાજ, રાખો બાંહ્યગ્રહ્યાની લાજ. ॥૧૩॥
જોસો અપરાધ અમારા ઇસ; ત્યારે કોઈ કાળે કેમ તરીસ;
જ્યારે નિજ માતા બાળકને મારે, ત્યારે તેને બીજું કોણ ઉગારે.
॥૧૪॥
અભેપદ બીરદ તમારૂં હોય, આવે શરણે તેને હણે નહિ કોઈ;
તમો ગુણે ભવદુઃખ નહીં નાસે, ત્યારે કોણ ચરણ ઉપાસે. ॥૧૫॥
રવીને ઉગે રહે અંધકાર, ત્યારે તેને શીદ ઇચ્છે સંસાર;
અમૃતને પીધે રોગ ન જાય, ત્યારે સો અમરતનો મહિમાય. ॥૧૬॥
સુરતરૂ સેવે ન ભાગે ભુખ, ત્યારે તેને કોણ કહે સુખરૂખ;
તીરથને ન્હાએ ન જાએ પાપ, ત્યારે તીરથનો સો પરતાપ. ॥૧૭॥
પારસને પરસે હોય ન હેમ, ત્યારે તેને પારસ કહીએ કેમ;
સીંહને શરણે જંબુક ખાય, ત્યારે સીંહ શરણે ગયે શું થાય;
રામ નામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણ કહેશે ભલા ભગવાન.
॥૧૮॥
કામ ક્રોધ લોભ લુંટે (જ્યારે) ચોર, ત્યારે શું નાથ તમારૂં જોર;
ધણીમાં જ્યારે મળે નહિં ઢંગ, તેની ત્રીયા ફરે ઉઘાડે અંગ.
॥૧૯॥
પતિવ્રતા નાગી પતિને લાજ, જુઓ મનમાંહિ તમે મહારાજ;
પીડા પામે દાસ પ્રભુને ખોટ, અમોપર કાળ ચલાવે ચોટ. ॥૨૦॥

પ્રભુનુ ભજન કરે તે પીડાય, તેનો તમને ખટો છે જદુરાય;
આપો નિજ ભક્તિ સંગ ઉમરાવ, રૂદે ખેડું ઉજડ ફેર વસાવ. ॥૨૧॥
ઓસારો ગે ખેરખ નામ તમારૂં, તેણુ ફરી કારજ થાય અમારૂં;
જ્યારે ફરી નગર લુંટે ન કોય, જ્યારે રખવાળું હરીનું હોય. ॥૨૨॥
આવી કરો પ્રભુ રૂદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિદ્યા નાસ;
ઝરતાઓને તમારી આણ, ઉઘાડો તે રામ રતનની ખાણ. ॥૨૩॥
દીનપાણું દુર કરો જદુનાથ, હવે હરી હેત કરી ઝાલો હાથ.
બોલાવી પાસ બેસાડો બાપ, પમાડો સીદ હવે પરિતાપ. ॥૨૪॥
આવો શીદ હવે ભગવાન, દયાળુ દ્યો અભય પદ દાન;
નાઠે નહિ છુટો ત્રીભોવનનાથ, ન મુકું સ્યામ તમારો સાથ. ॥૨૫॥
ફરી એઘ બીંદુ બરાબર હોય, તમારો સંગ ન મુકું તોય;
માયા નીવારો તમો રામરાય, નથી મુંને જંપવા દેતી જરાય.

॥ ૨૬ ॥

કરે એ સાંધાવાંધા બહુ જોર, એવું એવું કારમું કામ કઠોર;
ફરી ગુરૂ સંતમાં આંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે. ॥૨૭॥
એને જીતે કોઇ સુરવીર, ડગે ન ધરમ ધુરંધર ધીર;
સાગર સાત તે અંજલ નીર, ગોપદ ભુમી ગગન સમીર. ॥૨૮॥
સુન્યમાં પુરણ દેખે શોય, મૃત્યુ તેને અમૃતનું ફળ હોય;
જાણો કોઇ માગસો મારી પાસ, એવું રણે રાખતાં શ્રી અવિનાશ.

॥૨૯॥

રિદ્ધી શીદ્ધી ન મારે જોઇએ મુક્તિ, ન માગું જોગ શીદ્ધીની જુક્તી;
ન માગુ છત્ર એક બ્રહ્મરાજ, ઇંદ્રતણા આસનનું શું કાજ. ॥૩૦॥
ઇછું નહિ અજ પદને કૈલાસ, ન માગુ ગૌલોકને વૈકુંઠ વાસ;
પદ રજ એક ચઢાવું શીશ, તમારી મહેર માયાને અધિશ. ॥૩૧॥
ઇચ્છું નહિં અન્ય પદારથ કાંઇ, રાખો નિજ ચરણકમળની છાંય;
માગુ પ્રેમ ભક્તિ સતસંગ સાર, માગુ જસ ગાવા લીલા અવતાર.
॥ ૩૨ ॥

નડે નહિ મને કોઇ સંસાર, રહું નીજ નામ તણું આધાર,
પ્રીતમ પતી ઉધારણ નામ, તાર્યા કંઇ કોટી પામ્યા નિજ ધામ.
॥ ૩૩ ॥

શાખી.

સત્ય નામ પ્રભુ તમતણું, સત્ય સત પુરૂષ વિચાર;
કહે પ્રીતમ સુદ્ધ ભાવ સું, દીજે નીત્યે દેદાર. ॥ટેક॥
ગાય શીખે ને સાંભળે, ધરે નીરંતર ધ્યાન;
કહે પ્રીતમ નરનારમાં, નહિકો તેજ સમાન૦॥

ગુરૂ ગીતા.

અષ્ટ અંગ શો દંડવૃત, પ્રથમ કીયો પરણામ,
જગનનાથ કરીએ ગુરૂ શબ્ વિધી પુરણ કામ. ॥૧॥

શ્રી ગુરૂ દેવ ચરણ ચીત લાવું.
રૂદયે ધીયાન ધરી શીસ નમાવું. ॥૨॥
કરી અશક્તી પરકંમ્મા દીજે;
તન મન ધન અરપણ કરી કીજે. ॥૩॥
ગુરૂએ બ્રહ્માશુર તેતી શા;
ગુરૂ બીના કોઇ ન જાણે જગદીશા. ॥૪॥
ગુરૂ એ નેમ ધરમ કેરા;
ગુરૂ હે આવાગવનની વેળા. ॥૫॥
ગુરૂ એ ગ્યાન ધ્યાન મમ શામી;
ગુરૂ એ શબકે અંતરજામી ॥૬॥
ગુરૂ બીના સબ સુજતહે ધંધા;
ગુરૂ બીન જગત ભટકતા અંધા; ॥૭॥
ગુરૂહે નિમ તપ તીરથ વરત પુંજા;
ગુરૂ બીણ જગત ભટકતા હુંધા. ॥૮॥
ગુરૂકુ છોડી ઔર ગુણ ગાવે;
શો શીધા જમપુરમે જાવે. ॥૯॥
ગુરૂ મંતર જો ત્યાગે;
નીશ્ચે જમપુરી આવે આગે. ॥૧૦॥
સાત જનમ કોડીકો પાવે;
ગુરૂ નીંદા જો સુણે સુણાવે. ॥૧૧॥

ગુરૂ નીંદા જાકે મુખ હોય;
તાકો મુખ દેખે ન કોય. ॥૧૨॥
ગુરૂ નીંદા જાકે મુખ હોય;
આપ મરે કે નરકે જાય. ॥૧૩॥
ગુરૂ નંદક જો ભલાઇ દેખાવે;
તાકે કાન મુંડી ઉડી જાવે. ॥૧૪॥
ગુરૂ નીંદા સુણે શોં જાણુ;
સીસા ઉડી ભરે તે ખાણુ. ॥૧૫॥
તવહી દોષ મીટે બહુ ભારી;
વ્યાસ વચને શીખ હમારી. ॥૧૬॥
શાખી સુણો શાસ્ત્રની;
અગમનીગમ પુરાણુ. ॥૧૭॥
વ્યાસ વચન સુણી જાણીએ;
હરી ગુરૂ એક સમાન. ॥૧૮॥
હરી રૂઠે તો ગુરૂ બચાવે;
ગુરૂ રૂઠે તો ઠોરન પાવે. ॥૧૯॥
જબ નારદ ઢીંમર ગુરૂ કોના;
બે મુખે શ્રાપ હરી દીના. ॥૨૦॥
ત્રાહીત શ્રાપ સુણી ભયો;
અતી આતુર ઢીંમર પરે ગયો. ॥૨૧॥

સુણી વચન ઉપાયે બતાયો;
ચોરાસીસે તુરત બચાયો. ॥૨૨॥
ગુરૂકી કીરપા સકળ જગમાંહી
ગુરૂ બિન મુક્તિ ફળી ન કયાંહી. ॥૨૩॥
તાકે પ્રથમ ગુરૂકી પુંજા;
ગુરૂકો પુંજી ઔર હરી દુજા. ॥૨૪॥
નિશદીન ધ્યાન ગુરૂકો કીજે;
ગુરૂ ગુરૂ જાપ સદા જપી લીજે. ॥૨૫॥
ગુરૂ પદ જલ પીવે નર કોઇ;
ગુરૂ ઉચ્ચીષ્ટ પાવે ગતી હોઇ. ॥૨૬॥
ગુરૂ પદકી કીજે નીત્ય પુંજા;
ગુરૂ ગોવિંદ બુજો મતી દુજા. ॥૨૭॥
જબ પુંજા અધિક જોગ કીયા;
કરે આધિક જાણીને જીવા. ॥૨૮॥
કબહુકે ગુરૂજી જુઠ વખાણે.
તબ હે શીશ શત કરી માને; ॥૨૯॥
ગુરૂ સનમુખ જવાબ ન થાએ.
સંપતી પુણ્ય સમુળુ જાએ; ॥૩૦॥
જો ગુરૂ હોય કામ લવલીના;
ક્રોધી કુટીલ જાતી મતી હીના. ॥૩૧॥

લોભી લંપટ કપટી કુદાતા,
તવ શીશ જાણે ગુરૂ પુરા. ॥૩૨॥
કોટી કુશટક રૂપ જાણે;
મહામુઢ માયા લપતાને. ॥૩૩॥
કહે તર્કથી મહિમા વાણી;
તવ શીશ જાણે ગુરૂ જ્ઞાની. ॥૩૪॥
ગુરૂ સનમુખ વાદ ન આણે;
ગુરૂકે સબ્દ મંત્ર સમ જાણે. ॥૩૫॥
ગુરૂકે પ્રેમે પરમ ગતિ લીયે;
ગુરૂકી વાત મીથ્યા ન કહીએ. ॥૩૬॥
ગુરૂ બ્રહ્મા ગુરૂ વૈષ્ણવ વરે;
શીવ પાએ બ્રહ્મા ગુરૂ દેવ રે. ॥૩૭॥
ગુરૂકે આધક અવર નહિ કોઇ;
જગન્નાથ ગુરૂ શેવા હોઈ. ॥૩૮॥
ગુરૂકો મહિમા જે કોઇ જાણે;
શેશ માહેશ્વર બ્રહ્માદિક વખાણે. ॥૩૯॥
શીવ સાણકાદીક મુની સુક દેવા;
નારદ સારદ લહે નહિ ભેદા. ॥૪૦॥
મે કીયા કહુ મતી હીના;
જો કછુ સુણ્યાસો કહી દીના. ॥૪૧॥

જગન્નાથ ત્રીલોકની માંહી;
ગુરૂ આવત આગે હોઇ લાવે. ॥૪૨॥
બીનતા હોત પોંચાવણ જાવું;
શ્રદ્ધા સહીત કરે પરણામું. ॥૪૩॥
જો હરી ચાહે પુર બીશરામ;
ધ્યાન મુલ ગુરૂ મુરત જાણ. ॥૪૪॥
પુંજાય મુલ ગુરૂ પદ વખાણે;
અંતરે મુલ ગુરૂવા એક વખાણે. ॥૪૫॥
મુખસે મુલ ગુરૂ કીરપા નીહારે;
નીત્ય ઉઠી ગુરૂ પાદારખે પીજે. ॥૪૬॥
ગુરૂ ઉચીષ્ટ પાવે જે;
ગુરૂ મુરતકો ધરીએ ધ્યાન. ॥૪૭॥
ગુરૂ ચરીત્ર ભણેસો જાણે;
અગીયારસ બારસ અમાવાશીયા. ॥૪૮॥
સબ ટાંણે ભણે સુણે ફળ પાવે દોનો;
અસ્વમેધ દસ સહસ્ત્ર કરાવે. ॥૪૯॥
જપે સતકોટી ઉપજાવે;
તીરથ શકળ ભોમી ફીરી આવે. ॥૫૦॥
ગુરૂ ચરીત્ર ભણે શો ફળ પાવે;
જગનનાથ તીનો પરમાહે. ॥૫૧॥

ગુરૂ ગાંડા ગુરૂ બાવરા, ગુરૂ દેવનકો દેવ;
કહે ગંગાદાસ જો ચેલા હોએ સુલક્ષણા તો કરે ગુરૂકી સેવા.
॥૫૨॥

ભજન રાગ ધંનાશ્રી.

ભાઇઓ ભજન એવા કરીયે, જેથી ભવસાગરમાં તરીયે. ટેક.
સંત ચરણ તો સુખનાં સાગર, તેને સરણે જઇએ;
મોહ માયાનાં જેર ઉતારે, નીરવીખીયા તો થઇએ. ભાઈ.-૧.
માન તજીને માન ભાવને, પુરણ પ્રેમે પુંજે;
આસિદ સઘળાં થાય વેગળાં, જમનાં કીંકર ધ્રુજે. ભાઈ.-૨.
સાધસંતનો મોટો મહીમા, પાપી પાવન થાએ;
અજામેળને ઉગાર્યો તેં, સતનો મહિમા એ. ભાઈ.-૩.
સાચી પ્રીતે જે નર સેવે, તેનાં સંકટ ભાંગે;
હરી ગુરૂનું સ્મરણ કરતાં, આતમ જોત જાગે. ભાઈ.-૪.
બીજા કરમ તો બંધન આપે, તે બંધનથી ડરીએ;
ભીખા નીશ્ચે પુરણ પ્રભુનું, ધ્યાન હરીનું ધરીએ. ભાઈ.-૫.

પદ ૨ જું.

દુનીયાં ભરમે ભુલી રે, તેને હું મારૂં કેમ છુટે. ટેક.
પગ વાળીને પલક ન બેસે, ઘર ધંધાને કુટે—દુની૦ ૧.

મોહમાયાનો મેલો ઘેલો, બારે વાટે બોલે,
મીથ્યા દેહની કરે વડાઈ, તેમાં ડાયો ડોલે—દુની૦ ૨.
માત પીતાને મારે ધાઈને, હરદે ઉંધુ તોલે;
ધરમ ધાંનને સત ગુરૂ સેવા, ત્યાં તો જુઠું બોલે—દુની૦ ૩.
પરધન દાર ઉપર દ્રષ્ટી, તે દેખી મન રાચે;
વણુ બોલાવ્યો ત્યાં જઈ બોલે, મરકટ પેરે નાચે—દુની૦ ૪.
ચાંમ દાંમને ચા'તો હીંડે, છળ વિદ્યા તો ભાવે;
પ્રભુ જન ભીખા કહે સમજાવી, તહાં સુરતા નહિ લાવે—દુની૦ ૫.

પદ ૩ જું.

ચેલા રહો ગુરૂને ઘેર, ગુરૂજી કરશે લીલાલહેર. ટેક.
ગુરૂ વચન લોપે મહા પાપી, તે સુખીઓ કેમ થાશે;
અનેક દેવ દેવીને ધ્યાતાં, જમના ગોદા ખાશે—ચેલા૦ ૧.
ગુરૂ કોટી જનમનાં કષ્ટ નીવારે, ભવનાં બંધન કાપે,
ગુરૂ સમદાતા નહિ કોઇ, અવિચળ પદવી આપે—ચેલા૦ ૨.
સકળ નીધ તો ગુરૂજી કહાવે, ગુરૂ સતંતર ભોગી;
થાવર જંગમ રહે પ્રકાશી, ગુરૂ નીરંજન જોગી—ચેલા૦ ૩.
સુનશીખરપર વાસ ગુરૂનો, ગુરૂ પ્રેમ જોત પ્રકાશી;
અડસટ તીરથ ગુરૂને ચરણે, જોજો કાયા કાસી—ચેલા૦ ૪.
મુરખ જીવ તો મોહમાયામાં, ફરી ફરીને ધાયો,
કહે ભીખા પ્રભુજન થઇને, સાચું શું કમાયો—ચેલા૦ ૫.

પદ ૪ થું.

જાગી જુવો હરીના જન, શું અભિમાન ધરોછો મન. ટેક

અજ્ઞાની અભિમાન ધરીને કેહે, હું રળું ને સૌ ખાએ;
સુકા કાષ્ટમેં છવડો, તેને પાણી કોણ પાયે—જાગી૦ ૧.
અંતરજામી સૌને આપે, જેને જેવો અહાર;
કરમદુવારે સહુકો પામે, તેનો તે નીરધાર—જાગી૦ ૨.
ધુળધેમીને ધંન નીપજાવ્યું, તે માયા તને પ્યારી;
અન પાણીનાં હાર કરાવ્યાં, તેનાં ગુણ મેલ્યા વીસારી—જાગી૦ ૩
દુરધંધીનું દેહ સાથે મોહો, પેહેર્યા સોવણ હાર;
ચામ દામનો ચાંતો હીંડે, તે થાશે ખુવાર—જાગી૦ ૪.
નદી નવાણું મેઘરૂપે, અંન પાણી તને આપ્યાં;
જે વીનાં તને પલક ન ચાલે; તે દુઃખ તારા કાપ્યા—જાગી૦ ૫.
સુરતવાસી સૈયદપરામાં ત્યાં રહી ભીખો કહે છે;
હરીજન હોએ તે માની લેજો, સારી સીખામણ દે છે—જાગી૦ ૬

પદ ૫ મું.

રામ સમરન રામ સમરન રામ સમર સમજ લેનાં;
બીન સમજે બંધન કયું છુટે, સુવા પીંજર સુખ નહિ દેના—ટેક.
બોહોત જતનકર બોલે સુવા, સુણી શીખી કેવે મેનાં;
જડચૈતન આતંમ અનુભવ વિનાં, બકતે સબ એસે બેના—રામ૦ ૨

બડા બંધન સુવેમેં બુરા, માન ચયકું મીથ્યા ઘેનાં;
થજ બુજ નહિ સત ગુર કેરી, રેહેણી રચકરે રેહેનાં—રામ૦ ૩.
સત રેહેણી સત ગુરૂ સમજાવે, આપા અપનેકુ દેના;
ઓજી હોકર તન મન ખોજે, સજે સરૂપકી સેહેના—રામ૦ ૪.
જેસા સરૂપ નેનોએ નીરખા, એસા સબધા મેચીનાં;
દાસ ભીખા પ્રભુજન કીરપા સું, પાચો અવનાસી નેનાં—રામ૦ ૫.

પદ ૬ ઠું.

સમજ ભેદ સતગુરૂ સમજાવે, અરથ અનુભવ કહે વાણી;
અહંકારશે હુવા એક તારા, ચાર ભેદ ચાર વાણી—ટેક.
ચીતકી લેહેરી મંન છાપવન, ફૂરવો ચીત માંહે ઠાની;
ચરઅચરમાં કીયા પસારા, હરદમ સાંઇઆ હે જાની. સમજે—૨.
નીજે જરૂખે બેઠા સતગુરૂ, ખાલી ખેલે ઓ તાણી;
નારી બોલી બોહોબીધ બોલે, અવાચ વાચા મન આણી. સમજે—૩
તંતુ તનહે પંચભૂતકા, શબ્દ ભુલાતન વાણી;
હુવા અચંબા સેજુ આપે, નહિ કોઇ દુજારખ જ્ઞાની સમજે—૪
જો સપનામા બહુ બંધ ફૂલા, એક નાર અને કસાની;
કલપ્યા કલપિ સપના જોગે, માયા કાયાકી કે કાની. સમજે—૫
વસ્તુ વેદભેદ તે માયા, દોદલ દો દસઅર પાણી;
પ્રભુ જેનભીખા કહે પોકારી, સમજો રામરંગ રાણી. સમજે—૬.

રાગ ગોડીના ભજન.

ગુરૂ ગોવિંદ અવન્યાસી;
ભજો મન ગુરૂ ગોવિંદ અવન્યાસી. ટેક.-૧.

જાકે સુમરન સંકટ ભાગે; (બેવાર)
મીટે કાલકી ફાંસી. રામજી (બેવાર) ભજો-૨.

સોચ કરે મીંથ્યા માયાકુ, (બેવાર)
ચાંહે ભોગ વિલાસી; રામજી (બેવાર)
આઇ અચાનક કાળ ગ્રહેગો, (બેવાર)
તબ હોવેગી હાંસી. રામજી (બેવાર) ભજો-૩.

કાયા માયા નહિ થીર તેરી, (બેવાર)
છેનુ પલકમેં જાસી; રામજી (બેવાર)
જેશો નીર એ ઉસ અંજલીકો, (બેવાર)
એસો એ તંન તપાસી. રામજી (બેવાર) ભજો-૪

કામધામ ધંનદારા દોલત, (બેવાર)
નહિ થીરતા પ્રહ્માસી, રામજી (બેવાર)
ચંચળ ચરીત્ર અચળ કોહોવે, (બેવાર)
ગગન ઘન જોંબાસી. રામજી. (બેવાર) ભજો-૫

ઇહી કોઇ ફંદા બડોરે માયાકો, (બેવાર)
તાથીરે રહી એ ઉદાસી; રામજી (બેવાર)

પ્રભુજન ભીખા કહેત પોકારી, (બેવાર)
કોણ તેરીવારે ધાસી. રામજી (બેવાર)   ભજો-૬.

ભજન ૨ જું.

ચાર બરનસે ન્યારા, હરીજન ચાર બરનસે ન્યારા;   ટેક-૧
વેદભેદમેં બ્રહ્માંરે ભુલે; (બેવાર)
બાંધે કરમકા ભારા. રામજી. (બેવાર)   હરી-૨
હંસ દશા હરીજનકી કહીએ, (બેવાર)
કરે મુકતાફળ હારા; રામજી. (બેવાર)
કાળ કરમકો નીકટ ન જાવે, (બેવાર)
છૂટો ભવ સંસારા. રામજી (બેવાર)   હરી-૩
ભુચર ખેચરકી ગતી ન્યારી, (બેવાર)
ગગન ગતી પ્યુદારા; રામજી (બેવાર)
ભુચરકી ગતી ભવમે ભમતી, (બેવાર)
તહાં જનમ મરણ હે અપારા. રામજી (બેવાર)   હરી-૪
જાતભાતમે સબ જુગ ડુબે, (બેવાર)
ખડા માન હંકારા, રામજી.(બેવાર)
પ્રભુજન ભીખાકી ગતી ન્યારી, (બેવાર)
તનમન ગુરૂપર ઓવારા. રામજી (બેવાર)   હરી-૫

ભજન ૩ જું.

વાલમીકજી તુળશીજી કેહે ગયે,
ઐસા કળજુગ આવેગા—ટેક. ૧.

કોઈ કોઇકા કહ્યું ન માને,
મનમુખી પંથ ચલાવેગા—વાલમીક૦ ૨.

બ્રાહ્મણ વેદ ધરમ નહિ માને,
મીથ્યા જનમ ગુમાવેગા;
બીન ખડકથી ક્ષત્રી હો જાય,
સૌદર રાજ ચલાવેગા—વાલમીક૦ ૩.
બેટા માત પીતા નહિ માને,
ત્રીયા સ્નેહ લગાવેગા;
સો ત્રીયા સ્નેહ નહિ માને,
પર પુરૂષ મન ભાવેગા—વાલમીક૦ ૪.
જહાં સ્નેહ ત્યાં ખટપટ હોવે,
ગંગા ગુપત હો જાવેગા;
મોહમાયા કે કારણે;
ચેલા ગુરૂસે બીગાડેગા—વાલમીક૦ ૫.
કહેત કબીરા સુનો ભાઈ સાધુ,
સબ જુઠા હોઈ જાવેગા;

રામ નામ સત રેહેવે ભાઈ,
ભવ ભટકાવ મીટાવેગા.—વાલમીક૦ ૬.

રાગ પ્રભાત.

આ જોની આંગણીએ ઉભેલો, રંગભરા રણછોડ રે—ટેક.
એની મુજને હેત કરીને, પુરણ પુરા કોડ રે—આ જોની૦-૧.
નેહ ધરીને નીત્યે વહાલો, દરસન દેતા દાડી રે;
પુરણ વિચીક્ષણ પ્રેમદા પાશે, પ્રીત બંધાણી ઘાડીરે—આ૦-૨.
જેને કારણ જોગી મુની, વનમે હીંડે ભમતા રે;
દયા કરીને દરસન આપી, દુઃખ દારૂણ તો હરતા રે—આ૦-૩.
જ્ઞાન કરીને સ્નેહ વધારો, વળગા પાલવ જોડ રે;
રસીએ રસ વધારણ કીધો, પ્રેમદા પ્રીત ન તોડ રે—આ૦-૪.
પ્રિત કરે તેને પલક ન મેલે, એવો વાલો રસીયો રે;
પ્રભુ રામ જન પાસે આવ્યા, ભીખો ચરણે ધસીયો રે—આ૦-૫.

રાગ પ્રભાત.

નમો પ્રભુ રામ તેરી પાવડીકુ દેવા;
પાવડીકુ દેવા તેરી ચરણ રજ લેવા—ટેક.
પાવડી અડીખડી, ગગનમેં જઈ ખડી;
સુરત નીરત એક મલી, કરૂં તેરી સેવા—નમો૦ ૧.

પાવડીકો ભેદ બુજે, જનક સુખ દેવા;
ગોરસ કબીર જન, પાયો નિજ મેવા—નમો૦ ૨.
અરૂપ સરૂપ, પાવડી પ્રકાસા;
પાવડીકા ધરન હાર, આયો જન પાસ—નમો૦ ૩.
ચરણ કમળ રજ, દાસનકુ દેવા;
ભયો ભીખા વ્યાપ આપ, અભેપદ એવા—નમો૦ ૪.

આરતી પ્રભાતની.

આરતી શ્રી રામ પ્રભુ કર ગીતી હારી;
નેમ નીત એક ચીત, પ્રભાતે ધારી—આરતી૦ ૧.
નેહ બાતી પ્રેમ જોત, પ્રીતે અજવાળી;
સંખ ધુની બાજે ઘંટા, પ્રભુ સુખકારી—આરતી૦ ૨.
અગર ધુપ કામ બાસ, દેઉંગી તાળી;
સુંદર સરૂપ નીજ, નીરખુંગી ધારી—આરતી૦ ૩.
સબ્દ તાલ નીત ન્યાલ, લાગી લેહ તારી;
દાસ ભીખા અવર નહિ, એહી મોહે પ્યારી—આરતી૦ ૪.

કુંડળી.

જેને જેસો સંગ, રંગ તેનો તે લાગે.
લાગે તેનો રંગ, અંગ આગળથી તોડે;

જેમ વસ્ત્રને રંગ, પાસ પાસીને જોડે.
ઉતમ મધ્યમ વેદ, કનીષ્ટને કાએના ભેદ;
કીજે કોટી ઉપાએ, સામટા સઉને છેદ.
ભીખા સુધો ભાવ, સુન્યવાદી તહાં જવ જાગે;
જેહેને જેસો સંગ, રંગ તેહેનો તે લાગે.

કુંડળી ૨ જી.

પુરણ પદ નીરવાણ, પુરણ પદ રહેતે પીછે.
દહે હીંદી ગુણ ચોર, મેવાસી ઝીતી લીજે.
તોડી ઘાટી કાલ, કરમની બેડી ભાંગી;
રહી અણહદમાં જાએ, જુગસુ સુરતા આઘી.
ભીખા પ્રભુજન કોએ, અણલગી પદ તે ઇચ્છે;
પુરણ પદ નીરવાણ, પુરણ પદ રહેતે પીછે.

સાખી.

ભીખા ભુખી આત્મા, દીજે વસ્ત્ર અંગ;
ભરતામાં ભરિયે નહિ, તમે વિચારો પ્રભુનાં જન.

સાખી.

નારી નારી કયા કરો, નહિ નારી શું કામ;
રણમાં ચડવું એકલા, ધરિ ક્ષત્રીની હામ.

સાખી.

સંગત ડુબે સંગત તારે, સંગતકો સૌ સાર;
કહે પ્રીતમ સંગત વિના, પાવે નહિ કાંઈ પાર.

સાખી.

ગંગા સાગર ગોમતી, કાશી ને કેદાર;
કહે પ્રીતમ આવે નહિ, હરી નામ સમાન.

સાખી.

ઉતમ કુળકુ આગ લગે, જાકુ રામ રામ હંકાર;
કહે તુળશી હરી ભજન વિના, ધીક પડયો સંસાર.

સાખી.

ભીખે માયા નહિ તજી, નહીં તજ્યો સંસાર;
પ્રભુ રામ કીરપા ભઈ, સેજે પાચો પાર.

સાખી.

હાથે હરી સેવા કરો, દાન પુન્ય ઉપકાર;
પાએ કરવું કીજીએ, પ્રીતમ એ સુભ સાર.

સાખી.

હરી લીલા અમ્રીત કથા, કરો નિરંતર પાન;
પ્રીતમ સતસંગત કીજીએ, મુકી માન ગુમાન.

સાખી.

સતસંગત સુખ ઉપજે, દુઃખનો આવે અંત;
કહે પ્રીતમ ભાગ્ય કરી, ભેટે સતગુરૂ સંત.

સાખી.

પથરની સાકર કરે, સાકર ખોરૂં ખાય;
કહે પ્રીતમ મુખપર સંતના, પથર સાકર થાય.

સાખી.

સાકર કેરા સંતહે, પથર પાપી જન;
કહે પ્રીતમ પ્રેમે કરો, સાકર સરખું મન.

સાખી.

સુતા બેઠા ચાલતાં, હરી હરી શબ્દ ઉચારો;
કહે પ્રીતમ પડપંચ કથા, દલથી દૂર નીવારો.

રાગ ધોળ.

સાંભળ વિનંતી વાત વિચારી, મોસાળુ કરજે મનને મારી;
કરજે નિશ્ચે કહું તે ધારી, તો સાસુ સંતાપને ટાળીએરે. ૧.

આ વેળામાં કરશો તે થાશે, ભવના સંકટ સૌએ જાશે;
નહિ ચેતો તો કાળ આવીને ખાશે, તો પડશો ફાકટ ફંદમાંરે. ૨.

છાબમાં હીરા વવેકના ભરીયાં, પીતપીતાંબર નેચર ધરીયાં;
આણંદ ઓલાને આગળ કરીયાં, તો પીઉને મન ભાવીયારે. ૩.

સાડી પટોળામાં સુરત સંજોગે, વાજીંત્ર વાજાં અખંડીત ઓધે;
તોરણ બાંધે ટાળી અણુરોગે, તો છાબ છબીલામાં સોભતારે. ૪.

પુરણ મનોરથ પુરીને લાવ્યા, ભકિતને દાવે પ્રભુજીને ભાવ્યા;
ભીખા ભવદુ:ખ સેજે સમાયા, તો સ્વામી સંજોગે માલતારે. ૫.

રાગ ધોળ.

હો બીજના વાસી, અમઘેર આવજો; ટેક.
પીઉ પ્રેમ તણા રસ પ્રેમે, સંગ સખીને તેડી લાવજો હો-૧.

નઈડાં તળશેરે નાથ, તને નીરખવા,
અમરીત પાવો તો, પીજે મન મળવા;
તનડા તળ સંતાને તારો વાન હમારા વીઠલ વાળો. હો-૨.

કુમ કુમ કેસર ચંદન ચોળીઆં,
વાઘા સુંદર રંગમે રોળીઆં;
આણુંદ કીજે હો રંગના રાજા,
મળતા ભાંગે હમારી દાઝ. હોબીજ-૩.
મુખપર વાજેરે નૌતમ વાંસળી,
સુણુતા સૃવણુ છેદી પાંસળી;

જોતાં જોબનીયું વહી જાય,
વહેલા વળજો કરજો સહાય. હોબીજ—૪.
વીધ વીધ કેરા સણગાર સજીઆ,
આવા મળપંતા પ્રભુ રાજીઆ;
દાસ ભીખાના સાયરા કારજ,
જનમો જનમની ભાંગી દાઝ. હોબીજ—૫.

સમાપ્ત.

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ **રામ**

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ

રામ રામ રામ

રામ રામ

રામ નામ સત્ય છે. રામ **રામ** નામ સત્ય છે.

રામ રામ

રામ રામ રામ

રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ **રામ**